# ઢંઢેરામાં ૧૦૦ નવા શહેર બનાવવાનું ભાજપનું વચન

## રોજગારીની તકની ઉભી કરી શકે તેવા ક્ષેત્રોમાં એફડીઆઈનું સ્વાગત કરાશે રિટેઇલમાં એફડીઆઈનો વિરોધ : ભ્રષ્ટાચાર રોકવા ઇ-ગવર્નેન્સ પર ભાર

નવી દિલ્હી,તા. ૭

ભાજપે છેલ્લા ઘણા દિવસથી ભારે સસ્પેન્સની સ્થિતિ રહ્યા બાદ આજે આખરે તેનો ચૂંટણી ઢંઢેરો જારી કર્યો હતો જેમાં દેશના અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધુ સુધારા કરવાની વાત કરવામાં આવી છે. સાથે સાથે પોલિસી પેરાલીસીસનો અંત લાવવા અને ભ્રષ્ટાચાર ઉપર અંકુશ મુકવાની વાત કરી છે. ભાજપના ઘોષણાપત્રમાં ૧૦૦ નવા શહેરો, દરેક રાજ્યમાં એમ્સ બનાવવા અને બુલેટ ટ્રેનનું વચન આપવામાં આવ્યું છે. ભાજપે તેના ઘોષણાપત્રમાં રામ મંદિરની સાથે સાથે કલમ ૩૭૦ અને કોમન સિવિલ કોડનો પણ સમાવેશ કર્યો છે. પક્ષે સાફ શબ્દોમાં કહ્યું છે કે, રોજગારીની તક વધી શકે તેવા તમામ ક્ષેત્રોમાં એફડીઆઈનું સ્વાગત કરાશે પરંતુ રિટેઇલમાં એફડીઆઈની મંજુરી આપવામાં આવશે નહીં. કાશ્મીરી પંડિતોને પોતાના હક અપાવવાની પણ વાત કરવામાં આવી છે. ગુડ ગવર્નન્સ અને વિકાસને આમા પ્રાથમિકતા આપવામાં આવી છે. ભાજપે આજે તેનો ચૂંટણી ઢંઢેરો જારી કર્યો હતો જેમાં તમામ લોકોના સર્વાંગી વિકાસ માટેનું વચન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ભાજપે ટેક્સ વ્યવસ્થામાં સુધારો કરવાની પણ વાત કરી છે. ભાજપના ચૂંટણી ઢંઢેરા ઉપર પહેલાથી જ તમામ પક્ષોની નજર હતી. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા તેનો ચૂંટણી ઢંઢેરો જારી કરવામાં આવી ચૂક્યો છે. ભાજપે સૌથી મોડેથી તેનો ચૂંટણી ઢંઢેરો જારી કર્યો હતો. ભાજપે અર્થતંત્રમાં સુધારા કરવાની ખાસ વાત કરી છે. ભાજપે પૂર્નોચ્ચાર કર્યો હતો કે અયોધ્યામાં મંદિરના નિર્માણની પ્રક્રિયામાં બંધારણમાં રહીને હાથ ધરવામાં આવશે. રામ મંદિરના મુદ્દાના સમાવેશ અંગે પક્ષની અંદર મતભેદ અંગે પૂછવામાં આવતા ચૂંટણી ઢંઢેરા સમીતિના ચેરમેન મુરલી મનોહર જોષીએ કહ્યું હતું કે ચૂંટણી ઢંઢેરામાં તમામ મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે. ૫૨ પાનાનો ચૂંટણી ઢંઢેરો જારી કરવામાં આવ્યો છે. આમા ગુડ ગવર્નન્સ અને વિકાસની વાત કરવામાં આવી છે. રોજગારીની તકો સર્જી શકે તેવી તમામ બાબતોને પ્રોત્સાહન અપાશે. ભાજપ પ્રમુખ રાજનાથસિંહે આ પ્રસંગે કહ્યું હતું કે યુપીએ સરકાર ચૂંટણી ઢંઢેરાને અમલી બનાવવામાં નિષ્ફળ ગઈ છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ ચૂંટણી ઢંઢેરામાં લોકોની અપેક્ષાઓને સામેલ કરવા બદલ મુરલી મનોહરજોષીનો આભાર માન્યો હતો. મોદીએ કહ્યું હતું કે ગુડ ગવર્નન્સ અને ડેવલોપમેન્ટ મુખ્ય છે. એક સારી સરકાર જ ગરીબો માટે વિચારણા કરી શકે છે. ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ પણ ચૂંટણી ઢંઢેરાની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે દેશ આગામી પાંચ વર્ષમાં ખૂબ મજબૂત રીતે ઊભરશે. ભાજપે ચૂંટણી ઢંઢેરામાં શ્રેણીબદ્ધ વચનો આપ્યા છે જેમાં જીએસટીને અમલી બનાવવાની વાત કરવામાં આવી છે. દરેક ગામમાં પીવાના પાણી અને દરેક ખેતરમાં પાણીની પણ વાત કરવામાં આવી છે. ફ્રેટ અને ઈન્ડસ્ટ્રીય કોરીડોરની પણ વાત કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીર અને અન્ય જુદા જુદા વિષયોને આવરી લઈને ચૂંટણી ઢંઢેરામાં વાત કરવામાં આવી છે. ભાજપના ચૂંટણી ઢંઢેરામાં વિદેશમાં પડેલા કાળા નાણાંને પરત લાવવાની પ્રક્રિયા શરૂ કરવાની પણ વાત કરવામાં આવી છે. સંગ્રહખોરી અને બ્લેક માર્કેટીંગને રોકવા માટે પણ વચન આપવામાં આવ્યા છે. ઓઈલ અને ગેસ સંશોધનની પ્રક્રિયાને ઝડપી બનાવવામાં આવશે જેના લીધે આયાતના બિલને ઘટાડી શકાશે. ભાજપ સરકાર મૂડીરોકાણને આકર્ષિત કરવા ટેક્સ વ્યવસ્થામાં સુધારો કરશે. લોકોની ટેક્સને લગતી તકલીફ દૂર કરવામાં આવશે.




### ભાજપ ઢંઢેરાના સમયને લઈ કોંગી દ્વારા ફરિયાદ

નવીદિલ્હી,તા. ૭

ભાજપ દ્વારા વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી માટે તેનો ચૂંટણી ઢંઢેરો જારી કરવામાં આવ્યા બાદ શાસક કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી ઢંઢેરાના સમયને લઈને ચૂંટણી પંચ સમક્ષ વિધિવતરીતે ફરિયાદ નોંધાવી હતી. કોંગ્રેસના સેક્રેટરી કેસી મિત્તલ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. કેસી મિત્તલ ચૂંટણી પેનલની ઓફિસમાં પહોંચ્યા હતા અને કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાના પ્રથમ દિવસે ચૂંટણી ઢંઢેરો જારી કરાયો છે જે આચારસંહિતાના ભંગ સમાન છે. ભાજપના ચૂંટણી ઢંઢેરામાં મુખ્ય રીતે વિકાસ અને ગ્રોથ ઉપર ભાર મુકવામાં આવ્યો છે. કોંગ્રેસેને આને ડ્રીમ મેનીફેસ્ટો તરીકે ગણાવીને આનો વિરોધ કર્યો છે અને કહ્યું છે કે, આ હંમેશા સ્વપ્ન સમાન જ રહેશે. ભાજપના ચૂંટણી ઢંઢેરા અંગે પ્રતિક્રિયા કરતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રશીદ આલ્વીએ કહ્યું છે કે, આ ડ્રીમ મેનીફેસ્ટો છે. ભાજપ માટે આ સ્વપ્ન સમાન રહેશે. આલ્વીના સાથી અને પક્ષના જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહે કહ્યું છે કે, ઢંઢેરામાં કોઈ યોગ્ય બાબત નથી. તેઓ ભગવાન રામના નામનો રાજકીય રીતે ઉપયોગ કરી રહ્યા છે. અમને ખુશી છે કે, ભાજપ હવે મદરેસાઓની મદદ કરવા અંગે વિચારે છે.

તેમણે કહ્યું હતું કે, આ હકારાત્મક બાબત છે. આ ચૂંટણી ખુબ જ રસપ્રદ રહેશે. મોદી ખુબ સારા ઈવેન્ટ મેનેજર તરીકે છે. જનતાદળ યુનાઈટેડ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ભાજપે વાજપેયી યુગનો અંત આણી દીધો છે. ચૂંટણી ઢંઢેરામાં રામ મંદિર, સિવિલ કોડનો સમાવેશ કરીને વાજપેયી યુગનો અંત આણી દેવામાં આવ્યો છે.

## લાલૂ યાદવ દ્વારા કુમાર માટે તીવ્ર ચૂંટણી પ્રચાર

સસારામ,તા.૭

બિહારમાં આરજેડી-કોંગ્રેસ ગઠબંધનમાં ચાલી રહેલી તમામ અટકળો વચ્ચે આરજેડી પ્રમુખ લાલૂ પ્રસાદ યાદવે આજે લોકસભા અધ્યક્ષ મીરા કુમાર માટે ચૂંટણી પ્રચાર કરતા એકતાના દર્શન થયા હતા. લાલૂએ કહ્યું હતું કે, બે સાંપ્રદાયિક પક્ષો વચ્ચેની એકતા સત્તાથી કોમવાદી પરિબળોને દૂર રાખવામાં મદદરુપ થશે. કોંગ્રેસ પ્રમુખ અને યુપીએના ચેરમેન સોનિયા ગાંધીએ સસારામમાં મીરાકુમાર માટે ચૂંટણી પ્રચાર કર્યાના ત્રણ દિવસ બાદ લાલૂ યાદવ પણ પ્રચાર માટે પહોંચ્યા હતા. કોંગ્રેસ અને આરજેડી પાંચ વિધાનસભાની બેઠકોની પેટાચૂંટણીમાં અલગ રીતે ચૂંટણી લડી રહ્યા છે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની રેલીથી કોંગ્રેસ દ્વારા લાલૂ યાદવને દૂર રાખવામાં આવ્યા હતા. ઔરંગાબાદમાં રાહુલ ગાંધીએ પણ રેલી યોજી હતી. લાલૂ યાદવે કહ્યું હતું કે, કોંગ્રેસ અને આરજેડી વચ્ચે એકતા દેખાઈ રહી છે. લાલૂએ ભાજપ-આરએસએસને કોમવાદી પરિબળ તરીકે ગણાવીને કહ્યું હતું કે તેઓએ જે રીતે ભૂતકાળમાં ભાજપના વરિષ્ઠ નેતા અડવાણીની રથયાત્રાને રોકી હતી તે જ રીતે આ વખતે મોદીને રોકશે. તેમના રાજકીય હરીફો અંગે તેમણે કહ્યું હતું કે, ભાજપ અને જેડીયુ દ્વારા બિહારમાં તેમને સત્તાથી દૂર રાખવા ૧૭ વર્ષ અગાઉ જોડાણ કર્યું હતું. હવે તેમની વચ્ચે સંબંધ તુટી ચુક્યા છે. હવે તેઓ જેલમાંથી બહાર આવી ચુક્યા છે. સત્તા ઉપર આવવાના તેમના પ્રયાસ નિષ્ફળ રહ્યા છે. બીજી બાજુ મીરાકુમારે તેમના સંબોધનમાં યુપીએ સરકારની સિદ્ધિઓ ઉપર પ્રકાશ ફેંક્યો હતો. વિકાસની કામગીરીને આગળ વધારાશે.

## ડીઝલની કિંમતમાં દર મહિને વધારો ન કરવા તખ્તો તૈયાર

નવી દિલ્હી,તા. ૭

ડીઝલની કિંમતમાં મહિને ૪૦થી ૫૦ પૈસાનો વધારો કરવાની યોજના મોકૂફ કરવામાં આવ્યા બાદ આને ફરી ચાલુ કરવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. આનો મતલબ એ થયો કે સામાન્ય લોકોને હવે દર મહિને ડીઝલની કિંમતમાં ૫૦ પૈસાના વધારાનો સામનો કરવો પડશે નહીં. એપ્રિલના મહિનામાં ડીઝલની કિંમતમાં પ્રતિ લિટર ૪૦-૫૦ પૈસાના વધારાની યોજના મોકૂફ કરી દેવામાં આવી હતી. આને હવે ફરી શરૂ કરવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. પેટ્રોલિયમ મંત્રાલયના એક ટોચના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ડીઝલની કિંમતમાં વાર્ષિક વધારો કરવાની નીતિ હવે ફરી શરૂ કરવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. પેટ્રોલિયમ મંત્રાલયે એપ્રિલ મહિનામાં ડીઝલની કિંમતમાં લીટરદીઠ ૫૦ પૈસાનો વધારો કરવાની યોજનાને મોકૂફ કરવાની બાબતને યોગ્ય ઠેરવી છે અને કહ્યું છે કે ફ્યુઅલના વેચાણ ઉપર નુકસાન લીટર દીઠ છ રૂપિયા કરતા પણ ઓછું થઈ ગયું છે આવી સ્થિતિમાં રેટમાં વધારો કરવાની જરૂરિયાત દેખાઈ રહી નથી. કિરીટ પારીખના નેતૃત્વમાં નિષ્ણાંત સમિતિએ સૂચન કર્યું હતું કે સરકારે ડીઝલ ઉપર લીટર દીઠ છ રૂપિયાની સબસિડી આપવી જોઈએ. આ મામલાને હવે ચૂંટણી પંચને મોકલી દેવામાં આવ્યો છે. કારણ કે ચૂંટણી પંચ જ હાલમાં કોઈ મોટા નિર્ણય લઈ શકે છે. સરકારે પારીક સમિતિની ભલામણોને સ્વીકારી ન હતી અને નાના ડોઝમાં ડીઝલની કિંમતમાં વધારાથી સબસિડીને અસર થઈ હતી. કેબિનેટે ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં એવો નિર્ણય કર્યો હતો કે જ્યાં સુધી ડીઝલ ઉપર નુકસાનને સંપૂર્ણપણે દૂર કરવામાં ન આવે ત્યાં સુધી દર મહિને ડીઝલની કિંમતમાં લીટરદીઠ ૪૦-૫૦ પૈસાનો વધારો કરવામાં આવે.

શાસક કોંગ્રેસ પાર્ટીની અંદર પણ ડીઝલની કિંમતમાં વધારાને રોકવાની માંગ કરવામાં આવી હતી. જાન્યુઆરી ૨૦૧૩ બાદથી ડીઝલની કિંમતમાં લીચટરદીઠ ૮.૩૩નો વધારો કરવામાં આવી ચૂક્યો છે. ઓઈલ કંપનીઓએ ગયા વર્ષે એપ્રિલમાં પણ ડીઝલની કિંમતમાં વધારો કર્યો ન હતો. કારણ કે એ વખતે કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી હતી. દેશની સૌથી મોટી ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલે કહ્યું છે કે ડીઝલના રિટેલિંગ વેચાણ કિંમતોમાં વધારો કરવા સરકારના નિર્ણયને પાળશે. હાલમાં ડીઝલ ઉપર અંડર રિકવરી લિટર દીઠ ૫.૯૩ રૂપિયા છે. પેટ્રોલિયમ મંત્રાલય માણે છે કે આ મામલે ખૂબ જ સંવેદનશીલ છે. લોકસભાની ચૂંટણી શરૂ થઈ ચૂકી છે ત્યારે હવે આને લઈને કોઈ પોલિસી નિર્ણય લઈ શકાશે નહીં.

## બિહારમાં સુરંગ બ્લાસ્ટ થતાં બે જવાનોના મોત

ઔરંગાબાદ,તા.૭

બિહારના ઔરંગાબાદ જિલ્લામાં માઓવાદીઓ દ્વારા પ્લાન્ટ કરવામાં આવેલા ભૂમિ સુરંગને દૂર કરતી વેળા બ્લાસ્ટ થતાં સીઆરપીએફના બે જવાનોના મોત થયા હતા અને અન્ય સાત જવાન ઘાયલ થયા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. માઓવાદીગ્રસ્ત જિલ્લામાં ૧૦મી એપ્રિલના દિવસે લોકસભાની ચૂંટણી યોજાનાર છે. ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (ઓપરેશન) અમિત કુમારે કહ્યું હતું કે, સીઆરપીએફ બિહાર પોલીસની સંયુક્ત ટીમ દ્વારા ભૂમિ સુરંગને નિષ્ક્રિય કરવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે જ બ્લાસ્ટ થયો હતો. જિલ્લાના ડિબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ બ્લાસ્ટ થયો હતો. ઇજાગ્રસ્તોને ઔરંગાબાદમાં સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. સમગ્ર મામલામાં પોલીસ દ્વારા ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. વધારાની ટુકડી પણ મોકલવામાં આવી છે. માઓવાદીઓ મોટા પડકારરુપે ચૂંટણીમાં ઉભરી શકે છે.

## સમાચાર ઝલક

- માહિતી પ્રધાન મનીષ તિવારીને નીતિન ગડકરીના અપમાન બદલ કોર્ટે જામીન આપ્યા.
- પૂનામાં સ્કૂલ બસમાં દુષ્કર્મ આચરવામાં આવ્યું, ડ્રાઇવર અને ક્લીનરને સસ્પેન્ડ કરાયા.
- ફિલ્મ અભિનેતા ગોવિંદાએ ૨૦૦૮માં એક વ્યક્તિને જાહેરમાં થપ્પડ માર્યા બાબતનો કેસ સુપ્રીમ કોર્ટે ખોલ્યો.
- આસામ-ત્રિપુરામાં લોકસભાની ૬ બેઠકો માટે જડબેસલાક બંદોબસ્ત.
- જમ્મુ-કાશ્મીરમાં વરસાદથી જનજીવનને અસર, હાઇવે બંધ.
- ડોલર સામે રૂપિયો ધીમી ગતિએ મજબૂત થતો જાય છે.
- ડો. સામ પિત્રોડાનું વિશ્વકર્મા એવોર્ડથી અમેરલીનાં રાજુલામાં સન્માન કરાયું.
- ગાઝિયાબાદમાં પોલીસ ચેકીંગમાં ૪ કરોડની રોકડ નાણું ઝડપાયું.
- ચિલીમાં હોસ્પિટલમાં આગથી ૧૦ વ્યક્તિઓનાં મોત.
- તલાટી ભરતી કૌભાંડમાં ખાસ તપાસ સમિતિ નિમવામાં આવી.
- આમોદમાં નાયબ મામલતદાર ૧૫૦૦૦ની લાંચ છટકામાં ઝડપાયા.
- નકસલીઓનું ચૂંટણી બહિષ્કારનું એલાન-ઔરંગાબાદમાં બોંબ ધડાકાથી પોલીસ કર્મીઓને ઇજા.
- કેસર કેરીના ઓછા પાકથી ૨૦ ટકા ભાવ વધારો થયો.
- આગામી દિવસોમાં ગરમીનો પ્રકોપ વધશે, હવામાન ખાતાની આગાહી.
- સિરિયામાં બોંબ વિસ્ફોટથી ૨૯ લોકોનાં મોત.
- જાટ લોકોને અનામત મુદ્દે સુપ્રીમકોર્ટે કેન્દ્રને નોટીસ આપી, કેન્દ્ર પાસે વિગતો માંગી.
- રામનવમીની ઉજવણી માટે દેશભરમાં તૈયારીઓ, મહાનુભાવોએ શુભેચ્છા પાઠવી.

## ૨૯૦ કિમીની રેન્જ ધરાવતી બ્રહ્મોસ મિસાઈલનું પરિક્ષણ

જેસલમેર,તા.૭

રાજસ્થાનમાં પોખરણ ટેસ્ટ રેન્જ ખાતે યુઝર ટ્રાયલના ભાગરુપે ભારતે આજે ૨૯૦ કિલોમીટરની રેન્જ ધરાવતી સુપર સોનિક ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલ મોબાઈલ લોન્ચર પરથી લોન્ચ કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં સંરક્ષણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંરક્ષણ પ્રવક્તા કર્નલ એસડી ગોસ્વામીએ માહિતી આપતા કહ્યું હતું કે, આ મિસાઈલ સફળ રીતે ટાર્ગેટ ઉપર પડી હતી. સેનાના વરિષ્ઠ અધિકારીઓએ કહ્યું હતું કે, ગણતરીપૂર્વક આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, રશિયા સાથે ભાગીદારીમાં ભારત દ્વારા આ મિસાઈલ તૈયાર કરવામાં આવી છે. સેના અને નૌકા સેના બંને આ મિસાઈલને સામેલ કરી ચુક્યા છે. હવે આ બ્રહ્મોસ મિસાઈલના પરિક્ષણ યુઝર ટ્રાયલના ભાગરુપે કરવામાં આવી રહ્યા છે. નિર્ધારિત સમય મુજબ જ આજે મિસાઈલ પરિક્ષણ કરાયું હતું.

## ૨૧મી મેએ હાજર થવાનો કેજરીવાલને કોર્ટનો હુકમ

નવી દિલ્હી,તા.૭

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ભાજપના નેતા નીતિન ગડકરી દ્વારા તેમની સામે દાખલ કરવામાં આવેલી ફોજદારી બદનક્ષીની ફરિયાદના સંદર્ભમાં ૨૧મી મેના દિવસે વ્યક્તિગત રીતે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થવાનો આદેશ કરવામાં આવ્યો છે. દિલ્હીમાં કોર્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અરવિંદ કેજરીવાલને વ્યક્તિગત રીતે કોર્ટમાં ઉપસ્થિત થવું પડશે. બદનક્ષીના કેસને લઈને કેજરીવાલની તકલીફમાં વધારો થઈ રહ્યો છે. આરોપી તરીકે કોર્ટમાં ઉપસ્થિત થવા કેજરીવાલ સામે સમન્સ જારી કરવામાં આવ્યા બાદ કોર્ટે આ મુજબના તારણ આપ્યા છે. કેજરીવાલે એવા આધાર પર આજે કોર્ટમાં ઉપસ્થિત થવાનો ઈન્કાર કર્યો હતો કે તેઓ લોકસભાની ચૂંટણી માટેના પ્રચારમાં વ્યસ્ત છે. હવે ૨૧મી મેના દિવસે કોર્ટ સમક્ષ હાજર થવા કેજરીવાલને હુકમ કરવામાં આવ્યો છે. કેજરીવાલના વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને મંજુર કરતા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ગોમતી મનોચા દ્વારા આ મુજબનો આદેશ કરવામાં આવ્યો હતો. કેજરીવાલના વકીલે આમ આદમી પાર્ટીના નેતા માટે અંગતરીતે ઉપસ્થિત થવાથી મુક્તિ આપવાની માંગ કરી હતી. સુનાવણી દરમિયાન ગડકરી વતી ઉપસ્થિત રહેલા વકીલે કેજરીવાલના વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, એએપીના નેતાને આજે જ કોર્ટમાં ઉપસ્થિત થવાની જરૂર હતી. જો કે, કોર્ટે આ મામલામાં વધુ સુનાવણી ૨૧મી મે સુધી મોકૂફ કરી દીધી છે. ૨૮મી ફેબ્રુઆરીના દિવસે કોર્ટે ફોજદારી બદનક્ષીની ફરિયાદમાં આરોપી તરીકે કેજરીવાલ સામે સમન્સ જારી કર્યો હતો. ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે, એએપીના નેતા દ્વારા કરવામાં આવેલા નિવેદનોના લીધે ફરિયાદીની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે.




**પ્રથમ ત્રણ દિવસમાં જ ૨૨.૭૩ કરોડની કમાણી**

## મે તેરા હિરો ફિલ્મને બોક્સ ઓફિસ પર શરૂમાં સફળતા

મુંબઈ,તા.૭

ડેવિડ ધવનની કોમેડી ફિલ્મ મે તેરા હિરો ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર ધીમે ધીમે સફળતા તરફ આગળ વધી રહી છે. આ ફિલ્મે પ્રથમ સપ્તાહમાં ૨૨.૭૩ કરોડ રૂપિયાની જંગી કમાણી કરી લીધી છે. ટિકાકારો અને ચાહકો તરફથી આ ફિલ્મને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ ફિલ્મમાં વરુણ ધવન અને ઈન્ડિયાના તથા નરગીસની મુખ્ય ભૂમિકા છે. બાલાજી મોશન પિક્ચર દ્વારા બનાવવામાં આવેલી આ ફિલ્મ સૌથી શાનદાર કમાણી કરી રહી છે. વરુણ ધવનને બોલીવુડમાં નવા કલાકાર તરીકે ગણવામાં આવે છે પરંતુ પ્રથમ ફિલ્મ સાથે જ તેને સારી સફળતા મળી છે. કરણ જોહરની ફિલ્મ સ્ટુડન્ટ ઓફ દ યર મારફતે વરુણ ધવને પોતાની કેરિયરની શરૂઆત કરી હતી ત્યારબાદથી તેની નોંધ લેવાઈ રહી છે. ટી-૨૦ વર્લ્ડકપની મેચો હોવા છતાં આ ફિલ્મને બોક્સ ઓફિસ ઉપર સારી સફળતા મળી છે. આ ફિલ્મને પ્રથમ દિવસે ૬.૬૦ કરોડની કમાણી કરવામાં સફળતા મળી હતી જ્યારે બીજા દિવસે ૮.૦૩ કરોડ અને ત્રીજા દિવસે ૮.૧૦ કરોડ રૂપિયાની કમાણી કરવામાં સફળતા હાથ લાગી છે. શરૂઆતના ત્રણ દિવસમાં જ આ ફિલ્મને સારી સફળતા હાથ લાગતા તમામ લોકો ખુશખુશાલ દેખાઈ રહ્યા છે. વરુણ ધવન વર્ષ ૨૦૧૪માં બોક્સ ઓફિસ ઉપર સૌથી જંગી કમાણી કરાવનાર નવો અભિનેતા તરીકે રહ્યો છે. નવા કલાકારોમાં હાલ વરુણ ધવન ઉપરાંત પરિણીતી ચોપડા, સિદ્ધાર્થ મલ્હોત્રા, આલિયા ભટ્ટનો સમાવેશ થાય છે. બાલાજી મોશન પિક્ચર દ્વારા નિર્મિત આ ફિલ્મને લઈને પ્રચારની પ્રક્રિયા પણ ખુબ જોરદાર રીતે અપનાવવામાં આવી હતી અને આમા સફળતા પણ મળી છે. ડેવિડ ધવન ખુશ ખુશ દેખાઈ રહ્યા છે.



## ચૂંટણી પ્રક્રિયાની વચ્ચે નિફ્ટી ૬૭૦૦થી નીચી સપાટી પર

મુંબઈ,તા.૭

શેરબજારમાં ભારે ઉથલપાથલમાં કારોબાર વચ્ચે અંતે ફ્લેટ સ્થિતિ રહી હતી. ૧૬મી લોકસભાની ચૂંટણી માટે મતદાનની આજે શરૂઆત થઈ હતી. સન ફાર્મા અને રેન બેક્સીના શેરમાં લોકોની નજર રહી હતી. સન ફાર્મા દ્વારા રેનબેક્સીને ખરીદવાની વાત કરવામાં આવી હતી. સેંસેક્સ આજે ૧૬ પોઈન્ટ ઘટીને ૨૨૩૪૩ની સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રા ડે દરમિયાન સેંસેક્સ ૨૨૪૮૨ની સપાટી ઉપર પહોંચ્યો હતો. આવી જ રીતે નિફ્ટી ઈન્ટ્રા ડે દરમિયાન વધુ ઉંચી સપાટીએ પહોંચ્યા બાદ ૬૬૯૫ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં આજે કારોબાર દરમિયાન જુદા જુદા મુદ્દાઓને લઈને ચર્ચા રહી હતી. ભાજપે ચૂંટણી ઢંઢેરો જારી કર્યો હતો જેમાં એક ભારત, શ્રેષ્ઠ ભારતને લઈને ચર્ચા રહી હતી. આર્થિક વિકાસ, રોજગારી, ઇ-ગવર્નન્સ, કરવેરા વ્યવસ્થાને સરળ બનાવવા સહિતના મુદ્દાઓ ઉપર વાત કરી હતી. એશિયન બજારમાં પણ આજે નબળું વાતાવરણ રહ્યું હતું. કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં સૌથી વધારે નુકસાન જોવા મળ્યું હતું તે ઉપરાંત રિયાલીટી, પાવર, હેલ્થકેર, ઓટો, બેંકેક્સમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. સેંસેક્સમાં જે શેરમાં આજે સૌથી વધારે કડાકો બોલી ગયો હતો તેમાં આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ અને ડો. રેડ્ડી લેબનો સમાવેશ થાય છે. ઈન્ડેક્સ હેવીવેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીમાં ૦.૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ભેલના શેરમાં ૩.૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. સનફાર્મામાં ૨.૩ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો. બ્રોડર માર્કેટકમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. માર્કેટ બ્રીથ નબળી રહી હતી. ૧૨૩૩ શેરમાં તેજી અને ૧૧૮૬ શેરમાં મંદી જોવા મળી હતી. શેરબજારમાં દિશાને લઈને હાલ અનિશ્ચિતતા છે.

## પૂર્વ પત્નિને ફ્લેટ સોંપી દેવા અદનાનને આદેશ

મુંબઈ,તા.૭

પાકિસ્તાની ગાયક અદનાન સામીને મોટો ફટકો પડે તેવા એક ઘટનાક્રમમાં ફેમિલી કોર્ટે અંધેરીમાં પાંચ ફ્લેટ ઉપર કબજો તેની પૂર્વ પત્નિ સાબાહ ગેલાડરીને સોંપી દેવાનો આજે આદેશ કર્યો હતો. બે મહિનાની અંદર પાંચ ફ્લેટનો કબજો તેની પૂર્વ પત્નિને સોંપી દેવાનો અદનાનને આદેશ કરવામાં આવતા તેને પીછેહઠનો સામનો કરવો પડ્યો છે. આ ઉપરાંત ફેમિલી કોર્ટે ૬.૪ કરોડ રૂપિયાની ચુકવણી કરવાનો પણ આદેશ કર્યો છે. ફેમિલી કોર્ટે આદેશ આપતા કહ્યું છે કે, અદનાન અને તેના સગા સંબંધીઓ આ ફ્લેટ ઉપર તેની પૂર્વ પત્નિના કબજાને રોકવાના પ્રયાસ કરી રહ્યો છે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં હાઈકોર્ટે અંધેરી પશ્ચિમમાં ઓબેરોય સ્કાય ગાર્ડનમાં ૧૩ અને ૧૪માં માળ ઉપર પાંચ હજાર સ્કેવર ફિટ સંયુક્ત ડુપ્લેક્ષમાંથી તેને અને તેની પત્નિને દૂર કરવાનો આદેશ કર્યો હતો. તેની પૂર્વ પત્નિની તરફેણમાં ફેમિલી કોર્ટ દ્વારા આપવામાં આવેલા ત્રણ વર્ષ જુના ચુકાદાને જાળવી રાખવામાં આવ્યો હતો.